## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના બહેન, તમે ડુંગળીનાં ભાવ સફરજન જેટલા થઈ ગયા તેના પરથી એવું વિચારો... કે આ લોકો ડોલરનાં ભાવ રૂપિયા બરાબર કરી શકે તેવા સક્ષમ છે....!!





અંદાજપત્ર : ગાંધીનગરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બ્રિજેશ ઠાકરનું અંદાજપત્ર પર જાહેર પ્રવચન સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતે શનિવારે સાંજે યોજાયું હતું. આધાર લીંક, બેનામી સંપત્તિ, બજેટની જોગવાઈઓ અને કર માળખા જેવા વિષય પર સરળ શૈલીમાં પ્રવચન આપી શ્રોતાઓને માહિતી પૂરી પાડી હતી. યુવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના માહિતીપ્રદ પ્રવચનને સાંભળવા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૨૬ કિસાનનગરમાં ભાડે રહેતી યુવતીનો ગળે ફાંસો ખાઈ આપઘાત

### પેથાપુર મુળચંદ પાર્કમાં પણ એક યુવતીએ દુપટ્ટાથી ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિસાનનગર ખાતે ભાડાના મકાનમાં બીજે માળ રહેતી ૨૫ વર્ષીય યુવતીએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધું છે તો બીજી તરફ પેથાપુરના મુળચંદ પાર્ક વિસ્તારમાં રહેતી યુવતીએ પણ પોતાના ઘરમાં કોઈ કારણોસર દુપટ્ટાથી ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી નાંખી હોવાની ઘટના બનવા પામી હતી. પોલિસે બંને ઘટના અંગે બારીકાઈથી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૬ કિસાનનગર ખાતે પ્લોટ નં. ૭૦૭/૧ ખાતે સુજયભાઈ વિષ્ણુભાઈ પટેલના મકાનમાં બીજે માળ ભાડે રહેતી ૨૫ વર્ષીય યુવતી મનિષા બાબુભાઈ સોલંકીએ આજે બપોર પહેલા પોતાના રૂમમાં જ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. મકાન માલિકે પોલિસને જાણ કરતા સે-૨૧ પોલિસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. તો બીજી તરફ પેથાપુર મુળચંદ પાર્ક મકાન નં. બી-૫૨ ખાતે રહેતી ૩૦ વર્ષીય યુવતી કામિનીબેન જગદીશભાઈ સોલંકીએ પોતાના ઘરે ગઈ સાંજે ગળે ફાંસો ખાઈ લીધો હોવાની ઘટના બનવા પામી હતી. લગ્ન બાદ છુટાછેડા થયા પછી પિયરમાં આવીને રહેતી આ યુવતીએ ઘરે દુપટ્ટાથી ફાંસો ખાઈ લીધો હતો. યુવતીના કાકાએ પોલિસને જાણ કરતા પેથાપુર પોલિસ સ્થળ પર આવી પહોંચી હતી અને ધોરણસરની કાર્યવાહી કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ શરુ કરી છે.

## શહેરના જાણીતા સહકારી અગ્રણી રમણલાલ મકવાણાનું નિધન

ગાંધીનગર, તા.૩



ગાંધીનગરના જાણીતા સહકારી અને કર્મચારી પ્રવૃત્તિના અગ્રણી રમણભાઈ હીરાલાલ મકવાણાનું આજે સવારે ૮૩ વર્ષની વયે ગાંધીનગર ખાતે નિધન થયું છે. સદગતની અંતિમયાત્રામાં શહેરના અગ્રણીઓ અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સદગત રમણભાઈ મકવાણા સહકારી સંસ્થાઓના પ્રારંભિક પાયાના પથ્થર સમાન હતા. દૂધ વાપરનારાઓની સહકારી મંડળી, ગાંધીનગર કો.ઓપરેટીવ પ્રિન્ટીંગ પ્રેસ, શુભદા સંસ્થા તેમજ સેકશન ઓફિસર્સ એસોસીએશન સચિવાલય તથા અનેક સહકારી કર્મચારી પ્રવૃત્તિઓના પ્રણેતા હતા. 'રહીમભાઈ'ના હુલામણા નામથી ઓળખાતા રમણલાલ મકવાણા તેમના દલિત સંસ્થાઓના યોગદાનને પગલે ગુજરાત સહિત દેશભરમાં જાણીતા હતા. રમણલાલ મકવાણા તેમની પાછળ બે દિકરા અને એક દિકરી વિલાપ કરતાં મૂકી ગયા છે. સદગતનું બેસણું આવતીકાલે રાખવામાં આવ્યું છે.

# સિવિલમાં એકસ-રે મશીન બંધ થતા દર્દીઓને હાલાકી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની સારવાર વિના મુલ્યે કરવામાં આવે છે. જેથી સિવિલમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. પરંતુ ગાંધીનગર સિવિલમાં સામાન્ય દર્દીઓ માટે આરોગ્ય લક્ષી સુવિધાઓ મળવી મુશ્કેલ બની રહે છે. સિવિલમાં સીટીસ્કેન મશીન છેલ્લા ૩ વર્ષથી બંધ છે તો બીજીતરફ એકસ-રે મશીન પણ ડચકા ખાય છે, કયારે બંધ હોય અને કયારે શરુ તે કર્મચારીઓ પણ કહી શકતા નથી. ત્યારે સોનોગ્રાફી વિભાગમાં પણ દર્દીઓને એકમાસના વેઈટીંગનો સામનો કરવો પડે છે.જેને પગલે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.ત્યારે છેલ્લા બે દિવસથી ફરીવાર એકસ-રે મશીન બંધ રહેતા દર્દીઓને ધરમધક્કા ખાવાનો વારો આવે છે. ત્યારે સિવિલ તંત્ર માત્ર પોર્ટેબલ એકસ-રે મશીનથી કામ ચલાવી રહ્યા છે.

ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ખાસ કરીને જિલ્લાના માર્ગો પર થતા અકસ્માતને પગલે ઈજાગ્રસ્ત દર્દીઓ વધુ આવે છે. ત્યારે એકસ-રે નીકાળ્યા બાદ જ દર્દીની સ્થિતિ ડોકટર જાણી શકે છે. ત્યારે સિવિલમાં એકસ-રે મશીન બંધ રહેતા દર્દીઓને ખાનગી કલીનીકમાં એકસ-રે નીકાળવા માટે જવું પડે છે. ત્યારે સામાન્ય દર્દીઓને ખાનગીમાં એકસ-રે પડાવવો પોસાતો નથી. તેવી સ્થિતિમાં સિવિલમાં નવિન એકસ-રે મશીન લાવવામાં આવે તેવી બુમ દર્દીઓમાં ઉઠવા પામી છે. ગાંધીનગર સિવિલમાં ડચકા ખાતા એકસ-રે મશીનને પગલે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કયારેક એકસ-રે ને પગલે દર્દીઓને રોકાવાનો વારો પણ આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં એક સાંધે ત્યાં તેર તુટે તેવો ઘાટ સર્જાય છે. જેથી ગાંધીનગર સિવિલ અને સમસ્યા એક બીજાના પર્યાય બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. જેથી ગાંધીનગર સિવિલમાં એકસ-રે મશીન ઝડપથી કાર્યરત થાય તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.




## ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન બજેટમાં અપુરતી જોગવાઈથી નારાજ

ગાંધીનગર, તા. ૩

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરના પ્રમુખ બી.પી. પરમારે કેન્દ્ર સરકારના અંદાજપત્ર અંગે જણાવેલ છે કે અંદાજપત્રમાં કિસાનો, ગરીબો, મહિલાઓની યોજનાઓની જોગવાઈ આવકારવાપાત્ર છે. સીનીયર સીટીઝનો માટે રૂ. ૫૦,૦૦૦ સુધીની વ્યાજની આવક વેરામાંથી મુક્તિ સુચવી છે તે આવકારપાત્ર છે.



અનુસૂચિતજાતિની ૧૬.૬ વસ્તીના પ્રમાણમાં રૂ. ૫૬૬૧૯ કરોડની જોગવાઈ નજીવી ગણાય. અનુસૂચિત જાતિને અન્ય વર્ગોની હરોળમાં લાવવા માટે જોગવાઈ અપુરતી છે.

ગરીબ મજૂરો માટે રાત્રિ આશરો રેન બસેરાની યોજના માટે કોઈ લાભ આપેલ નથી. બજેટ દરખાસ્તો પાસ કરતી વખતે જાહેરાત કરે તેવી અપેક્ષા રાખવામાં આવેલ છે.

# ડૉકટરના અકસ્માત મૃત્યુ કેસમાં પત્નીને ૩ લાખ ચુકવવા માટે ફોરમનો આદેશ

### અખંડ આનંદ હોસ્પિટલમાં સિનિયર મેડીકલ ઓફિસરનુ અકસ્માતમાં મોત થયા બાદ વીમા કંપનીએ વળતર ચુકવવામાં આનાકાની કરી હતી

ગાંધીનગર તા ૩

અકસ્માતમાં મોત નિપજવાના કેસમાં મૃત્યુ પામનાર તબીબના પત્નીને રૂ ૩ લાખ નવ ટકાના વ્યાજ સાથે ચુકવવા માટે વીમા કંપની તેમજ બેંકને ગાંધીનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમે આદેશ કર્યો છે.

શહેરના પ્રતિષ્ઠિત ડો સ્વ સુરેશ ઠાકર અખંડ આનંદ હોસ્પિટલમાં સનિયર મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. આ દરમિયાન તા ૧૬ એપ્રિલ વર્ષ ૨૦૧૫ ના રોજ તેમનુ અકસ્માતમાં મોત નિપજયુ હતુ. ડો ઠાકર મહેસાણા જિલ્લા પંચાયત કર્મચારી કો ઓપ. બેંક લિ માં સભાસદ પણ હતા. જયારે સભાસદો માટે બેંક દ્વારા પોલીસી ઉતારવામાં આવી હતી. આ અંગે ડો ઠાકરના પત્ની કમળાબેન સુરેશ ઠાકરે બેંકમાં અને વીમા કંપનીમાં દસ્તાવેજ આપી જાણ કરી હતી. આમછતા વીમા કંપનીએ પાલીસીની રકમ ચુકવવા માટે આનાકાની કરી હતી. જેથી કમળાબેન સુરેશ ઠાકરે તેમના વકીલ પ્રિતેશ વ્યાસ તેમજ પ્રશાંત એસ રાવલ મારફતે ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં વીમા કંપની સામે ફરિયાદ દાખલ કરી હતી. જેની સાથે દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા. આ કેસની કાર્યવાહી દરમિયાન ફરિયાદીના વકીલે ગ્રાહક સાથે છેતરપીંડી કરી બેંક તેમજ વીમા કંપનીએ ભેગા મળી પોતાની ફરજ નિભાવવામાં ચુક કરી હોવાથી દાખલો બેસે તેવો આદેશ કરવા દલીલમાં જણાંવ્યુ હતુ. આ દલીલોને ધ્યાને લઈ ગ્રાહક તકરાર નિવારણ ફોરમના જજ એમ જે મહેતા તેમજ સભ્ય પ્રીતીબેન પંડયાએ વીમા કંપની તેમજ બેંકને કમળાબેન સુરેશ ઠાકરને અરજી તારીખથી રૂ ૩ લાખ નવ ટકાના વ્યાજ સાથે ચુકવી આપવા આદેશ કર્યો છે. જયારે ફરિયાદીનો શારિરીક માનસિક ત્રાસ બદલ અલગથી રૂ ૨૫૦૦ ચુકવવા તથા ખર્ચના ૧૫૦૦ ચુકવી આપવા માટે હુકમ કર્યો હતો. ફરિયાદ પક્ષના વકીલ તરીકે પ્રિતેશ વ્યાસ તેમજ પ્રશાંત રાવલ હાજર રહયા હતા.

# કમોસમી વરસાદ સાથે ઠંડી પુનઃ જોર પકડશે

ગાંધીનગર, તા. ૩

દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ફેબ્રુઆરી-માર્ચ માસ દરમ્યાન હિમવર્ષા થવાની સંભાવના સાથે કમોસમી વરસાદની શક્યતા જોવાઈ રહી છે. જેના પગલે વાતાવરણમાં પલટો આવશે અને ફરી ઠંડીનુ જોર વધશે. ગુજરાતમાં પણ આગામી દિવસોમાં બર્ફિલા ઠંડા પવનના સુસવાટાને કારણે ઠંડી જોર પકડશે તેવી ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યુ છે. આ સાથે તેમણે કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ હજુ પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં આવનાર ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૮માં પણ હિમવર્ષા તેમજ બરફના તોફાનોની સંભાવના રહેશે. હજુ પણ ભારત સહિત વિશ્વના કેટલાક દેશોમાં હવામાનમાં ભારે પલટા જોવા મળશે. પવનોના જોર સાથે વાવાઝોડા તેમજ બરફના તોફાનોની પણ વકી રહેશે. ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં પણ હવામાનના પલટાથી માવઠુ થવાની શક્યતાઓ રહેશે. આગામી બે-ત્રણ દિવસ પછી તાપમાનમાં વૃદ્ધિ જણાય અને આકાશમાં વાદળો જણાય.

ફેબ્રુઆરી તા. ૩-૪માં બર્ફિલા તેમજ પવનના સુસવાટાથી ઠંડી પડવાની સંભાવનાઓ રહેશે. ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ન્યુનત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની વકી રહેશે. ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં આ વખતે માઘ માસમાં પશ્ચિમ ભારતનું હવામાન પણ બદલાય. પ્રથમ તબક્કામાં ફેબ્રુઆરી તા. ૬ થી ૯માં સૂર્યના ઘનિષ્ઠા નક્ષત્રના ભ્રમણ દરમ્યાન વાદળો આવે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં માવઠુ થવાની શક્યતા રહે. આ દિવસોમાં ગરમીમાં વધારો જણાય. ત્યાર પછી તા. ૧૨ થી ૧૫ ફેબ્રુઆરીમાં પણ હવામાન પલટાય. વાદળો આવે અને હવામાન કથળી જાય. દેશના ઉત્તરીય પર્વતિય પ્રદેશોમાં ફેબ્રુઆરી તા. ૨૦ સુધીમાં બે ભારે હિમવર્ષાના તબક્કા આવે, બરફ પડે.

### કામધેનુ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ

# સંશોધનોના આદાન-પ્રદાન થકી ગ્રામ અર્થતંત્રને મજબૂત કરી સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરીએ : ઓ.પી. કોહલી

ગાંધીનગર, તા. ૩

રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું છે કે, સ્વતંત્ર ભારત બાદ ગાંધીજીની




સ્વરાજયની કલ્પનાને સાકાર કરવા માટે સંશોધનોના આદાન-પ્રદાન થકી ગ્રામ અર્થતંત્રને મજબૂત કરી સમુદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

આજે ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીના ચોથા પદવીદાન સમારોહને ખૂલ્લો મૂકીને દિક્ષાંત પ્રવચનમાં શ્રી કોહલીએ ઉમેર્યું હતું કે, દેશ વીસમી સદી પૂર્ણ કરીને એકવીસમી સદીમાં બે દશકા પૂર્ણ કર્યા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી 'ન્યુ ઈન્ડિયા' 'મેઈક ઈન ઈન્ડિયા' અને વિકસીત ભારતની પરિકલ્પના લઈને ચાલી રહ્યા છે તેને પરિપૂર્ણ કરવામાં વિશ્વવિદ્યાલયોની ભૂમિકા અનેરી છે. વિશ્વવિદ્યાલયોમાં શ્રેષ્ઠ માનવશક્તિના નિર્માણ થકી યુવાઓ-વિદ્યાર્થીઓ 'જોબ સીકર' નહીં 'જોબ ગીવર' બને તે અત્યંત જરૂરી છે. ભારત કૃષિ પ્રધાન દેશ છે અને પશુપાલન આનુષાંગિક વ્યવસાય છે ત્યારે દેશમાં પરંપરાગત જ્ઞાનનો વ્યાપક ઉપયોગ કરીને વિજ્ઞાન અને અદ્યતન ટેકનોલોજી સાથે જોડીને વિકાસીત રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનીએ.

# ગાંધીનગર સહિત ૪ પ્રાથમિક શિક્ષણાધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે ૪ શિક્ષણાધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે. જેમાં ગાંધીનગરના પ્રાથમિક શિક્ષણાધિકારી એન.એમ. રાઠોડને બદલી પાટણ પ્રા. શિક્ષણાધિકારી બનાવાયા છે જ્યારે પાટણના પ્રા. શિક્ષણાધિકારી જે.જી. પંડ્યાને ગાંધીનગર મુકવામાં આવ્યા છે.

આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણની કચેરીમાં વહીવટીય અધિકારી તરીકે ફરજ બજાવતા આર.આર. વ્યાસને કચ્છ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી તરીકે અને મદદનીશ નિયામક તરીકે કમિશ્નર ઓફ સ્કુલ્સમાં ફરજ બજાવતા સંજય પરમારને કચ્છના પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## આદરજ પાસે કરશનપુરામાંથી ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આદરજ પાસે આવેલા કરશનપુરા ગામની સીમમાં બળીયાદેવના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલિસે આજે બપોરે દરોડો પાડી ચાર શકુનીઓને દબોચી લીધા હતા. પોલિસ કરશનપુરાના કનુ અમુ ઠાકોર, રમા ઉર્ફે ગોલો ગાભા રાવળ, પ્રવિણ સુરસંગ ઠાકોર અને ટીંટોડાના અમરત મારસંગ ઠાકોર મળી ચાર શકુનીઓની રૂ. ૩૩૨૦ના રોકડ મુદામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બસો બ્યાંસી નવ પરગણા ગુરૂ-બ્રાહ્મણ સમાજનો ૧૬મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૩

બસો બ્યાંસી નવપરગણા ગુરૂ-બ્રાહ્મણ સમાજ તેમજ સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા આયોજીત ૧૬મો સમુહ લગ્નોત્સવનું આયોજન તા.૫ ફબ્રુઆરીને સોમવારના રોજ સવારે ૮ થી બપોરના ૪ કલાક દરમિયાન સેકટર-૬ ડી મેદાન, પેટ્રોલપંપની બાજુમાં ગાંધીનગર ખાતે યોજાશે. આ સમુહ લગ્નોત્સવમાં સમાજના ૧૫ નવયુગલો પ્રભુતામાં પગલા માંડશે.તો સમાજના સૌ ભાઈ બહેનોને સમુહ લગ્નમાં હાજર રહેવા ભાવભર્યું આમંત્રણ છે.

ગાંધીનગર શહેરના સેકટર-૬ ડી મેદાન ખાતે આયોજીત બસો બ્યાંસી નવપરગણા ગુરૂ-બ્રાહ્મણ સમાજના ૧૬માં સમુહ લગ્નોત્સવમાં તા. ૫ ફેબુઆરીને સોમવારના રોજ સવારે ૬.૧૫ થી ૭.૩૦ ગણેશ સ્થાપના, સ્વરૂચી ભોજન બપોરે ૧૧ થી ૨ કલાક, સત્કાર સમારોહ બપોરે ૨.૩૦ થી ૪ કલાકે, લગ્નવિધી સવારે ૯ થી ૧૨ કલાક, સમાજીક વ્યવહાર બપોરે ૧ થી ૨ કલાક, તેમજ કન્યા વિદાય બપોરે ૪.૩૦ કલાકે યોજાશે. આ લગ્ન સમારોહમાં સમાજના ૧૫ નવયુગલો પ્રભુતામાં ડગ માંડશે. લગ્નવિધીના આચાર્ય તરીકે મહેશભાઈ શાસ્ત્રી તેમજ જયોતિષાચાર્ય મહેશભાઈ એલ પંડયા હાજર રહેશે. જયારે સમારોહના મુખ્ય અધ્યક્ષ તરીકે બાબુલાલ ખુશાલદાસ શ્રીમાળી,તેમજ ઉદ્દ્ઘાટક તરીકે બાબુલાલ ખનારામ દવે હાજર રહેશે. આ લગ્ન સમારોહમાં બસો બ્યાંસી નવ પરગણા ગુરૂ બ્રાહ્મણ સમાજના સૌ ભાઈ બહેનોને ઉપસ્થિત રહીને નવયુગલોને આશિર્વાદ આપવા સમાજના પ્રમુખ બાબુભાઈએ અનુરોધ કર્યો છે.

## ટચૂકડી જાહેર ખબર

### બંગલો / પ્લોટ જોઈએ છે

૪૦૦ વારથી મોટો પ્લોટ કે સ્વતંત્ર બંગલો, ગાંધીનગરમાં કે નજીકના વિસ્તારમાં કોબા સર્કલ સુધી

### ખેતી લાયક જમીન જોઈએ છે

ગાંધીનગર જિલ્લામાં અંદાજીત પાંચ વીઘા, રોકાણ ૧૫ ટકા સુધી
સંપર્ક કરો
મો. ૯૯૨૪૩ ૫૫૩૫૯
મો. ૯૮૨૫૦ ૨૯૨૮૦

### જોઈએ છે

**કોલ સેન્ટર માટે**
**છોકરા-છોકરી જોઈએ છે.**
૧૨ પાસથી ગ્રેજ્યુએટ
પગાર ૧૦૦૦૦થી૧૩૦૦૦
બેઝીક ઈંગ્લીશ અને કોમ્પ્યુટરના જાણકાર, છોકરાઓ માટે વ્હીકલ જરૂરી-૩૫ વર્ષ સુધીના
**કોન્ટેક્ટ**
૭૯૯૦૬૨૩૦૦૪
૯૮૯૮૯૦૯૮૦૧

# શ્રી રામ તેમજ હનુમાન દાદાની ટીપ્પણી કરનાર સામે ગુનોં નોંધવા વિશ્વ હિન્દુ પરિષદની માંગ

ગાંધીનગર શહેરમાં કેટલાક વિધર્મી યુવાનો દ્વારા વોટ્સ એપમાં જય પુરષોતમ નામના ગ્રુપમાં ભગવાન શ્રી રામ અને શ્રી હનુમાન દાદાની અપમાનજનક ટીપ્પણી કરવામાં આવી છે. જેને પગલે આ ગ્રુપના એડમીન અને ટીપ્પણી કરનાર યુવાન સામે ધાર્મિક રીતે હિન્દુઓની લાગણી દુભાવવાનો પ્રયત્ન કર્યો છે. જેને પગલે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈને લેખિતમાં અરજી કરીને જાણ કરી આવા અસામાજીક તત્વો સામે ગુનોં નોંધવા રજુઆત કરી છે. વીએચપીએ આઈપીસી કલમ હેઠળ સોશ્યલ મીડીયા તથા ધર્મિક બાબતો સાથે સંકળાયેલી બાબત હોવાથી એફઆરઆઈ દાખલ કરી છે.

## શહેર વસાહત મહામંડળ દ્વારા ૧૮૦૦ મૃતાત્માઓના અસ્થિ વિસર્જન

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ૧૯૯૬ થી શહેરમાં અવસાન પામી અગ્નિ સંસ્કાર પામતા આત્માઓના અસ્થિ વિસર્જન નિશુલ્ક હરીદ્વાર ગંગાતટે કરવામાં આવે છે.જયારે વર્ષ ૨૦૧૭માં ચાર વખત સેવા સૈનિકો હરીદ્વાર જઈ વિધીપૂર્વક ૧૮૦૦ મૃતાત્માઓના અસ્થિ વિસર્જનમાં મુખ્યત્વે શશીકાંત મોઢા, ઉલ્લાસ વોરા, દીપુભાઈ વોરા, ઉદય ત્રિવેદી, કરસનભાઈ પરમાર, સહિત નાગરીકો રુબરુમાં જઈ વિધિમાં સામેલ થયા હતા. જેની સાથે નિલેન્દુ વોરા, અરુણ બુચ, સીતારામ પટેલ, કીશોર જીકાદરા, સુધીર દેસાઈ, બી.એ.શુકલ, પ્રદિપ સોલંકી, મુકેશભાઈ શુકલ સહિત નાગરીકોએ જુસીકાના સહકાર સાથે ધાર્મિક કાર્ય સંપન્ન કરેલ છે.